**જય નરસિંહ મહેતા** **જય હાટકેશ** **જય માત્રીમા**

**કુ. ધરા જલેન્દુ છાયાને સી. એ. એન્ટ્રન્સમાં સફળતા બદલ**
**અમારા શુભાશિષ-શુભકામના**

સ્વ. અરવિંદરાય એ. ઢેબર – અમદાવાદ

સ્વ. રમણકાંતાબેન એ. ઢેબર – અમદાવાદ

સ્વ. ગુણવંતરાય જી. છાયા – નવસારી

સ્વ. ભાનુબેન જી. છાયા – નવસારી

સ્વ. કિરણબેન એમ. છાયા – રાણાવાવ

સ્વ. મિલાપરાય જી. છાયા – રાણાવાવ

સ્વ. ગજેન્દ્રરાય (બાબુભાઈ) જી. છાયા – નવસારી

સ્વ. અજીતરાય એ. માંકડ – જામનગર

સ્વ. નૂપુર ધીમંત માંકડ – જામનગર

સ્વ. કિન્નરી ભદ્રેશ છાયા – વડોદરા

સ્વ. જયશ્રીબેન એમ. નાણાવટી – રાજકોટ

સ્વ. મહેન્દ્રરાય નાણાવટી – રાજકોટ

સ્વ. જયંતિભાઈ મંકોડી – પોરબંદર

સ્વ. પ્રફુલ્લભાઈ ઢેબર – પૂ. મામી, પૂ. નાના મામીને અમારાં પ્રણામ...

જલેન્દુ એમ. છાયા

રત્ના જલેન્દુ છાયા

હેમ હર્ષેન્દુ છાયા

કૃપા હર્ષેન્દુ છાયા – વેરાવળ સિદ્ધિ સિમેન્ટ

હિતાર્થીની મુકેશ શાહ

મુકેશ એ. શાહ

દિપલ મુકેશ શાહ – અમદાવાદ

**સૌજન્ય : જલેન્દુ એમ. છાયા, અમદાવાદ.**

**મો. ૯૮૨૫૫૮૦૫૪૭**

સજ્જનની સાથે રહેવું, દુર્જનથી દૂર રહેવું.

## શ્રી જીતુભાઇ મણીરાય રીંડાણીને પરિવારજનો તરફથી

# શ્રધ્ધાંજલિ



**જન્મ તારીખ : ૨૫-૧૦-૧૯૪૪** **મૃત્યુ : ૧૮-૨-૨૦૧૧**

કયાંથી શરૂઆત કરવી એ જ સમજાતું નથી !! જીતુભાઇ આમ અચાનક છોડી ગયા તે હજુ માની શકાતું નથી. કુટુંબીજનોમાં તેમનું મૂલ્યાંકન બે જ વાકયમાં થઈ શકે...वज्रादपि कठोराणी मृदुली कुसुमादपि

પ્રેમાળ વ્યકિતત્વ, આનંદી સ્વભાવ અને હંમેશા મદદ માટે આતુર.

તેઓ પિતા મણીરાય રીંડાણી તથા માતા ધનવિદ્યાબેન (બચીબેન)ના લાડકા. પિતાશ્રી કરાંચીથી દ્વારાકા સ્થાયી થયેલા. બહોળા કુટુંબને લીધે બાળપણમાંજ કરકસર ને મહેનતને પરિણામે આત્મવિશ્વાસ આપોઆપ કેળવાયો.

નાની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું. ત્યારબાદ વડિલબંધુ શ્રી ગજેન્દ્રભાઇ (ગજુભાઈ)એ કઠોર પરિશ્રમ કરીને સિવિલ એન્જીનીયરીંગ સુધીનું શિક્ષણ આપવામાં તેમની ધગશને પૂરતો સાથ આપ્યો. ઈજનેરી ભણ્યા, પણ તેમનું સાહિત્ય તેમજ રમત ગમતમાં ખૂબ જ પ્રભુત્વ. જેનો પરિચય તેમની રોજનીશી (ડાયરી) માંથી મળી રહે છે. તેઓ નાસ્તિક ન હતા. ઈશ્વરમાં અટલ વિશ્વાસ, તેમને મન 'કર્મ' અને 'શુધ્ધ વ્યવહાર' એ જ સાચી ભકિત. તેમને દંભ કે આડંબર બિલકુલ પસંદ ન હતાં. સમાજના રૂઢિચુસ્ત બંધનો, અન્યાય સહન કરીને સુધારક ચાણકય નીતીથી સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવાનો ગુણ ધરાવતા હતા.

તેમને દિકરીઓ ખૂબ જ વ્હાલી, ભાઈ બહેનની હોય કે સાળા-સાળીની પુત્રવધૂને તો શ્વસૂરથી વિશેષ પિતા તરીકેનો ખૂબ જ પ્રેમ આપ્યો અને પોતાના પુત્રના પિતા તો ખરા પણ દોસ્ત બની કાયમ રહયા. દરેક કુટુંબીજનો તથા સ્નેહિજનોમાં આત્મવિશ્વાસ જગાડવાવાળું ઋહૃદય, તેમાં સહવાસમાં આવેલ દરેક વ્યકિત માટે તેઓ સંકટ સમયની સાંકળ સમાન હતા. જરૂર પડે સહુ કોઈ જીતુભાઈ પાસે પહોંચી જતા. નિખાલસતા અને નિઃસ્વાર્થથી શંકાનું સમાધાન કરી યોગ્ય અને સાચો માર્ગ બતાવીને ઢાલ બનીને અડીખમ ઉભા રહેતા. જીતુભાઈ રમૂજી સ્વભાવના સ્પષ્ટ વકતા હતા. પ્રથમવાર મળો તો કડક સ્વભાવના જણાય પરંતુ થોડીવારમાં જ તમને આત્મીયતાનો અનુભવ કરાવે તેવા લાગણીશીલ હતા. તેમની રમૂજી વૃત્તિથી ગમે તેવા ગંભીર વાતાવરણને હળવું બનાવવાની તેમની કુશળતા પ્રંસશનીય હતી. આવા સરળ સ્વભાવના જીંદાદીલ જીતુભાઈ આપણને સર્વને એમની મધૂર સ્મૃતિઓ વાગોળતા રાખી છેલ્લી ક્ષણ સુધી કામ કરતાં હાથતાળી આપીને માઘ પૂનમના પવિત્ર દિવસે શ્રીજીચરણ થયા.

આમ જીતુભાઈએ સૌ માટે અણધારી અને અકલ્પનીય વિદાય લીધી...

'ખોબો ભરીને અમે એટલું હસ્યાં કે,
કુવો ભરીને અમે રોઈ પડયાં'

। ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

તરવામાં મજા હશે, પણ ખરી મહતા તો તારવામાં જ છે.

**મંગલ મેરેજ બ્યુરો :** e mail ID mamtadhebar@yahoo.in

(આપની કોઈપણ પ્રકારની ઈન્કવાયરી અથવા સુસંગત માહિતી માટે માત્ર અમારા ઈ મેઈલ આઇડી ઉપર જ સંપર્ક કરવા વિનંતી. )

**ડીવોર્સી યુવકોની વિગત :** (૧) જાન્યુઆરી-૮૩ કોમ્પ્યુટર એન્જીનીયર મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરતા યુવક માટે (ગાંધીનગર સ્થિત) (૨) વિધૂર-જાન્યુઆરી-૬૮ બી.કોમ., પ્રા. કંપનીમાં નોકરી કરતા યુવક (રાજકોટ સ્થિત) માતા પિતા હયાત નથી. (૩) વિધૂર - એપ્રિલ ૭૫ બી.એસ.સી ૩ વર્ષનો બાબો છે. (રાજકોટ સ્થિત) (૪) ડિવોર્સી - ૨૬-૨-૭૭ જન્મ સ્થળ ભોપાલ સવારે ૭:૧૫ મંગળ બી.એસ.સી., એમબીએ.(બેંગ્લોર સ્થિત) **યુવકોની વિગત :** (૧) ડીસેમ્બર ૮૩ ઉંચાઈ ૫'.૩'' બી.એસ.સી., ડીએમએલટી., ઓસ્ટ્રેલીયા સ્થિત યુવકને યોગ્ય કન્યા. (૨) જૂન-૮૨ ઉંચાઈ ૫'.૬'' બી.કોમ.,કોમ્પ્યુટર નાનુ તેમજ સધ્ધર કુટુંબ ભરૂચ સ્થિત માટે યોગ્ય કન્યા.

**યુવતીઓની વિગત :** (૧) એપ્રિલ-૮૪ બી.કોમ., પીજીડીસીએ.,ડીસીએ. ઉચ્ચ પગારથી નોકરી કરતી કન્યાને માટે (રાજકોટ સ્થિત) ટૂંક સમય માટે થયેલ સગપણ ફોક થયેલ છે. (૨) ડીસેમ્બર-૮૫ બી.કોમ., પી.એચડી ઇન ફાઇનાન્સ નોકરી કરતી માંગલિક કન્યા માટે (વડોદરા સ્થિત)(૩) ઓગષ્ટ-૮૮ બીડીએસ. ઉંચાઈ ૫'.૩'' માટે સમકક્ષ. (૪) ડીવોર્સી યુવતી - એમ.ડી. (એનેસ્થેટીક) નવેમ્બર-૮૦ હાલ મુંબઈ સ્થિત પણ ગુજરાતમાં સેટલ થનાર માટે ઉચ્ચ શિક્ષિત સંસ્કારી યુવક આવકાર્ય. (૫) ડિવોર્સી યુવતી - બી.કોમ. એમબીએ (ચાલુ) સંગીત વિશારદ જૂન-૮૭, ઉંચાઈ ૫'.૬'' (અમદાવાદ સ્થિત) માટે યોગ્ય યુવક. (૬) ડિસેમ્બર-૮૨ ઉંચાઈ ૫'.૫'' (માંગલિક) ડીપ્લોમા મીકે. એન્જીનીયર માટે સમકક્ષ યુવક. **(જાહેરાત-MMB)**

## નાગર યુથ ફેડરેશન વડોદરા દ્વારા નાગર અપરણિત યુવક યુવતિઓ માટે પ્રસિધ્ધ થનાર લગ્ન પરિચય પુસ્તિકા-મંગળફેરા-૧૧

નાગર યુથ ફેડરેશન વડોદરા દ્વારા નાગર અપરણિત યુવક યુવતિઓની માહિતી દર્શાવતી પુસ્તિકા **'મંગળફેરા-૧૧'** પ્રસિધ્ધ કરવાનું નકકી કરવામાં આવેલ છે. ઈચ્છુક ઉમેદવારોએ નામ નોંધાવવા અંગેના ફોર્મ મેળવવા તથા વધુ વિગતો મેળવવા કાર્યાલય ખાતે સી/૧૪૪,માંજલપુર ટાઉનશીપ નં. ૧, ગણેશ હોલ પાછળ દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા. (મો. : ૯૯૭૮૯૩૦૨૫૧)ખાતે અથવા નીચે જણાવ્યા મુજબના ગામે ગામના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા વિ. છે. **વડોદરા :** શ્રી હસિત ત્રિવેદી-૯૮૨૪૦ ૮૧૫૦૭, શ્રી આલોક દેસાઈ - ૯૯૭૮૯ ૩૦૨૫૧, દેવરાજ મજમુદાર - ૯૦૯૯૯૬૪૬૮૬, શ્રીમતી આરતીબેન ભચેચ - ૯૪૨૮૧૬૭૮૮૭, શ્રી દીપ રાણા - ૯૯૦૪૭ ૦૪૩૫૦, **અમદાવાદ** - શ્રી રજનીકાન્તભાઈ મહેતા - ૯૨૩૭૦ ૦૦૬૮૩, શ્રી નંદન મહેતા- ૯૮૨૪૦ ૭૩૪૬૪, શ્રી જયરાજભાઈ મહેતા-૯૪૨૭૦ ૦૦૬૧૨, **ભાવનગર** - શ્રીમતી મધુબેન પંડયા - ૯૩૭૫૨ ૦૫૪૩૭ **સુરત** - શ્રી ઉન્મેશભાઈ જે. પંડયા - ૯૮૨૫૨ ૭૭૫૧૨, શ્રીમતી પરિન્દાબેન દિક્ષીત ૯૮૨૪૪ ૫૫૬૦૫, **રાજકોટ** - શ્રી જયકાન્તભાઈ છાયા-૯૯૭૯૪ ૬૭૫૬૦, **ભુજ** - કુ. જ્યોતિબેન ભટ્ટ - ૯૮૨૫૮૫૭૮૪૦, **જામનગર** - શ્રીમતી ઉર્વશીબેન વૈશ્નવ-૦૨૮૮-૨૬૬૬૨૯૬૦ **જૂનાગઢ** - શ્રીમતી પૂર્ણિમાબેન માંકડ-૯૭૨૬૭ ૯૧૯૮૬, શ્રી અવિનાશભાઈ દિવાનજી-૯૭૨૬૭ ૩૬૭૩૯, મુંબઈ - શ્રી દિપકભાઈ વોરા-૯૮૨૧૬ ૬૮૭૭૯ (સાંજે ૬ થી ૮) **ગાંધીનગર** - શ્રી મનુભાઈ મહેતા૯૮૨૪૭ ૧૪૪૦૫ **ફોર્મ મેળવી કાર્યાલય ખાતે પરત કરવાની અંતિમ તારીખ ૧૫-૦૫-૨૦૧૧** (જાહેરાત સૌજન્ય : નાગર યુથ

ઘરડા થવામાં ઉદાસી છે પરંતુ પરિપકવ થવામાં આનંદ છે.

## પ્રવાસમાં જઈ રહયા છો ?
## તાજો નાસ્તો કે જમવા માંગો છો?

આપની સુવિધા સાચવવા અમે નવતર પ્રયોગ હાથ ધરેલ છે... જે મુજબ આપના પ્રવાસની મુસાફરી દરમ્યાન સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે વડોદરાના રેલ્વે સ્ટેશન કે બસ સ્ટેન્ડ ઉપર આપના જણાવ્યા મુજબ તાજો નાસ્તો કે/તેમજ ભોજન સામગ્રી પહોંચાડીશું. માત્ર સમય-સંખ્યા જણાવી ચિંતામુકત થઈ જાવ.

આ ઉપરાંત નાની મોટી પાર્ટીમાં કેટરીંગ વ્યવસ્થા તેમજ હોમ મેઈડ ચોકલેટ મેળવવા માટે સંપર્ક કરો...

**શ્રીમતી ગાયત્રી બક્ષી**
**૦૨૬૫-૨૩૫૫૬૯૦**

## -- Shri Hatkesh Travels --

7 Kailesh Park, B/h. Natraj Nagar, Uni. Road, Rajkot

Dear Sir / Madam,
Do you Travel,....If Yes,
do Travel with **Shri Hatkesh Travels,** Rajkot.
Why Us ? We Provide **Authentic e-booking** for.....

- Air Ticket Booking, ● Rail Ticket Booking *.
- All over India **Travels Bus Ticket** Booking.
- Well-Maintained **Luxurious Cars** & All A + Cars are provided with DVD players & All this with courteous staff & Very affordable Price. Available to All over India. ● Hotel Booking Holiday Packages
- International Packages available

**Your Support is all we expect. Call Us, 24 X 7 on**

**Shri Hatkesh Travels, Rajkot.**
**Devarshi Pathak - 98257 10296 - 94295 78295,**
**Niraj Pathak - 98252 10278 - 97220 59991**
shrihatkeshtravels@gmail.com

* Ex. Rs. 30/- for 2nd cl. & 40/- for Higher Cl. per ticket

## ઋણસ્વીકાર

અમારાં માતુશ્રી મુળ જૂનાગઢ (હાલ માંગરોળ-શારદાગ્રામ)ના સ્વ. ગિરીશચંદ્ર પ્રભાશંકર અવાશિયાના ધર્મપત્ની ગં. સ્વ. મુ. સાવિત્રીબેન ગિરીશચંદ્ર અવાશિયાનાં તા. ૩-૨-૨૦૧૧ના રોજ થયેલ દુઃખદ અવસાન સબબ કુટુંબીજનો, મિત્રો, સ્નેહિ-સંબંધીઓ તરફથી તાર, ટપાલ, ટેલીફોન દ્વારા મળેલ દિલસોજી સંદેશાઓથી અમને હૂંફ અને સાંત્વના મળેલ છે..આ સૌના અમે હંમેશા ઋણી રહીશું.

જય હાટકેશ.



એજ સંતાનો...
**યોગેશ અવાશિયા (ભાવનગર)**
**પ્રદિપ અવાશિયા (શારદાગ્રામ)**
**જ્યોત્સના મેતા (બોટાદ)**
**પૂર્ણિમા બુચ (વડોદરા)**

## મનન ફાઉન્ડેશન ટ્રસ્ટ

<u>રજીસ્ટ્રેશન :</u> E-9066
**સ્થાપના : ૧૧-૨-૨૦૧૧**
સરનામું : 'મનન' ઈન્કમટેક્ષ સોસાયટી, એરોડ્રામ પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૭.
**ફોન : ૦૨૮૧-૨૪૫૫૧૩૮**

સાર્વજનિક ટ્રસ્ટની પ્રાથમિક સેવાકીય પ્રવૃત્તિઓ : (૧) આરોગ્યલક્ષી સેવા નિદાન કેમ્પ વિ. (૨) શૈક્ષણિક સેવા, શાળા માટે પ્રવેશ ફી, ચોપડી, નોટબુક સહાય વિ. (૩) જરૂરીયાતમંદોને અન્ન વસ્ત્ર સહાયને પ્રાધાન્ય.

આપનું આ સેવાકીય યજ્ઞમાં અનુદાન રોકડથી કે ચેકથી સ્વીકાર્ય. ચેક : મનન ફાઉન્ડેશન- રાજકોટના નામે.
'ભલે બીજ હો નાનું પણ છૂપાયું વૃક્ષ તેમાં છે.'

**મનહરભાઈ જે. વૈષ્ણવ** (મેનેજીંગ ટ્રસ્ટી)
**કોમલ વૈષ્ણવ** (સહાયક ટ્રસ્ટી)

સ્ત્રી મોક્ષને ગુમાવવા તત્પર થશે, માતૃત્વની મિરાતને નહિં જ નહિંજ.

# ––– : સમાચાર સંચય : –––

◘ **ભાવનગર :** શ્રી દેવેન્દ્ર મોતીભાઈ દેસાઈ સ્મૃતિ સમિતિના સૌજન્યથી તેમનાં પૌત્રી ડો.કૈરવી પાર્થેશભાઈ જોષી દ્વારા પારિતોષીક (રનીંગ શીલ્ડ) તથા શિષ્યવૃતિ સહાય આપવામાં આવે છે. ધો. ૧૦થી સ્નાતક કક્ષાના કોઈ પણ એક વર્ષના અભ્યાસ માટે જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીને રૂા.૧૦,૦૦૦/-સુધીની આર્થીક સહાય આપવામા આવશે તથા વર્ષ દરમિયાન એક વિધાર્થીનીને તેની વિશેષ સિદ્ધિ માટે રનીંગ શીલ્ડ આપવામાં આવશે. શિષ્યવૃતિ મેળવનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. વિશેષ માહિતી માટે ડો. કૈરવી દેસાઈ (જોષી) ૩૦૧ કલ્પસુત્ર એપાર્ટમેન્ટ, કાળુભા રોડ, ભાવનગર-૨. સરનામે સંપર્ક કરશો.અથવા મો.૯૮૨૫૪૬૯૧૦૬થી સંપર્ક કરશો.

◘ ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ ભાવનગરના ઉપક્રમે તા. ૨/૩ના રોજ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરમાં ભા'ના ડેલા ખાતે શ્રી મહીપતભાઈ આચાર્યના ગોરપદે શ્રી ઉમેશભાઈ બી. મહેતા,શ્રીમતી સરિતાબેન પી. વૈદ્ય તથા શ્રીમતી વસુધાબેન વસાવડાના યજમાન પદે લઘુરુદ્ર પૂજન કરવામાં આવેલ. જ્ઞાતિજનોએ દર્શનનો લાભ લીધો હતો.

◘ **બેંગલોર :** 'ટાઇટન જીનીયસ કિડ્ઝ એરિથમેટીક ચેમ્પિયનશીપ ૨૦૧૦માં સબજુનિયર કક્ષામાં અત્રે સ્થિત ચિ. મુકતક ભૂષિત જોષીપુરાએ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન હાંસલ કરી સર્ટીફીકેટસ, ટ્રોફીઓ રૂા. ૬ હજાર રોકડ ઈનામ, ઘડિયાળ તથા કોમ્પ્યુટર જીતી જ્ઞાતિની બુદ્ધિપ્રતિભાને આગળ વધારી છે. આ પ્રસંગે તેમને ટાઈટન કિડ્ઝ મહાવીરાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

◘ શ્રીમતી આવૃત્તિબેન નાણાવટીને રોટરી કલબ મેઈન તેમજ સુશીલાબેન માધાણી ટ્રસ્ટ દ્વારા અનુક્રમે પ્રેરણાદાયી મહિલા વ્યકિતત્વ અને સાંસ્કૃતિક પ્રદાન બદલ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં.

◘ **અમદાવાદ :** ચિ. નિનાદ ધર્મેશ બુચે દૂરદર્શનની ગિરનાર ચેનલ ઉપરથી ત્રણ સુગમ ગીતો રજૂ કર્યા. સૂરીલાં ગીતોની મધૂર કંઠે રજૂઆત સાથે તેમની લેવામાં આવેલ મુલાકાત પણ પ્રદર્શિત કરવામાં આવેલ. ( મુલાકાતમાં જણાવ્યા મુજબ ગુજરાતી સુગમ સંગીત જ ગાનાર, મધૂર કંઠના માલિક બાળ કલાકાર ચિ. નિનાદને ધન્યવાદ આપવા ઘટે જ. જો કે હવે અગાઉ જેવા કવિઓની અને તેને કારણે શબ્દોની ખોટ વર્તાય છે તેથી ગીતોમાં ભાવ નથી રહયો તે જુદી વાત છે...તમે સ્વરસાધના કરતા રહો !)

◘ બારે માસ ભરવા લાયક દરેક મસાલા મેળવવા સંપર્ક કરો... તોરલ છાયા-૦૭૯ – ૨૬૬૪૦૪૩૨

◘ શ્રી મેહૂલ સુકેતુ ધોળકિયાએ મેનકાઈન્ડ ફાર્મા કંપની લી.માં ડેપ્યુટી રીજીયોનલ મેનેજર તરીકે બઢતી મેળવી.

◘ શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વ. ના. મંડળની યાદી જણાવે છે કે આ મંડળના સભ્યોના કુટુંબની માહિતી આપતી પરિચય પુસ્તિકાનું હાટકેશ પાટોત્સવના રોજથી સભ્યોને વિના મૂલ્યે વિતરણ શરૂ થશે. જે ડીરેકટરી સભ્યોને જ આપવામાં આવશે અને જે પોતાના વિસ્તારના કાર્યકરોનો સંપર્ક સાધી મેળવી લેવાની રહેશે.કુરીઅર કે રૂબરૂ પહોંચાડવામાં આવશે નહીં.વધુમાં...શ્રી મહેશકાન્ત વસાવડા પરદેશ જનાર હોવાથી હાટકેશ કૃપાના બુકીંગ માટે શ્રી અતુલભાઈ કિકાણીનો ફોન નં. ૦૭૯-૨૬૭૫૦૪૪૮ કે મો. ૯૫૭૪૩ ૭૭૯૩૩ નો સંપર્ક કરવા વિ. છે.

જેવું અન્નનું એવું જ જ્ઞાનનું : પચે નહીં તો વિપરીત પરિણામ આવે ને આવે જ.

◙ શ્રી કમલભાઈ છાયાને ત્યાં ચૈત્રી નવરાત્રિ સ્થાપન નિમિત્તે તા. ૯/૪ના રોજ મંડળ તરફથી બેઠા ગરબા રાખવામાં આવેલ.જ્ઞાતિજનો ઉત્સાહભેર તેમાં જોડાયા હતા.

◙ **જામનગર :** ફેલી ફળી સ્થિત માંકડ કુટુંબના કુળદેવી મા જ્વાળામુખીની સાન્નિધ્યમાં તા. ૨૭-૨-૧૧ના રોજ હોમાત્મક ચંડીપાઠ યજ્ઞનું આયોજન કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા કરવામાં આવેલ. સમગ્ર માંકડ પરિવાર તરફથી પૂજનમાં જનકભાઈ માંકડ (બરછી પ્રતિનિધિ) બેઠા હતા અને તેઓના પુત્ર ભદ્રેશ માંકડ તથા પુત્રવધૂ શ્રીમતી હીનાબેન માંકડ દ્વારા સાંજે ૫:૩૦ વાગ્યે બીડું હોમવામાં આવેલ. શનિવારે સાંજે બહેનો એ ગરબાની રમઝટ બોલાવેલ.આ કાર્યક્રમમાં સ્થાનિક અને બહારગામથી માંકડ પરિવાર તથા જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ. સૌએ સવારે ફરાળ રાત્રે ભોજનનો રસાસ્વાદ માણેલ. ટ્રસ્ટના પ્રમુખ વી.આઇ. માંકડ નૈષધ અને નિતાંત માંકડ તથા અન્ય સભ્યોની જહેમતથી આયોજન સફળતાથી સંપન્ન થયું હતું.

◙ કુ. જયતી ભદ્રેશ માંકડ જામનગર આયુર્વેદીક યુનિવર્સિટીમાં યોગ ઈન્સ્ટ્રકટર તરીકે જોડાયાં.

◙ મૌલીક રાજેશભાઈ વોરા અન્નામલાય યુનિવર્સિટીમાંથી હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ પૂર્ણ કરી બી.એસસી.માં ઉત્તીર્ણ થયા.

◙ મહાશિવરાત્રીના રોજ હાટકેશ્વરમાં લઘુરૂદ્રનું આયોજન થયેલ. જેમાં યજમાન પદે શ્રી વિપુલભાઈ આર. ધોળકિયા બીરાજેલ.

◙ એડવોકેટ શ્રી રોહીતભાઈ અંતાણીએ પોતાની વકીલાતની સ્વતંત્ર ઓફીસ (માધવ પ્લાઝા,લાલ બંગલા પાસે) શરૂ કરી.

◙ શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટ દ્વારા જામખંભાળીયા ખાતે ત્યાંના જ્ઞાતિજનોના લાભાર્થે ડો. કણજારીયાની હોસ્પિટલમાં વિના મૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન થઈ ગયું. સ્થાનિક પ્રતિનિધી શ્રી રજનીકાંતભાઈ બુચ તથા મુકેશભાઈ રીંડાણીની જહેમતથી ૨૬ બંધુઓએ નિદાન-માર્ગદર્શન મેળવ્યું.

◙ શ્રી મહિલા મંડળની માર્ચ માસની મીટીંગ શ્રીમતી સોનલબેન નાણાવટીના નિવાસસ્થાને રાખવામાં આવેલ. સંસ્થાના પ્રમુખ શ્રીમતી ઉર્મિબેન મહેતાના આવકાર પ્રવચન બાદ ડીબેટ સ્પર્ધામાં 'વધતા જતા શોપીંગ મોલના ફાયદા ગેરફાયદા તથા 'નખશીખ ગુજરાતણ' વિષય ઉપર બહેનોએ પોતાના વકતવ્યો રજૂ કરેલ. પાંવરગડાની લિજ્જત માણી સૌ છૂટાં પડયાં હતાં.

◙ દેશનાં પ્રથમ મહિલા આઈ.પી.એસ. ડો. કિરણ બેદી જામનગરની મુલાકાતે આવતાં વ.ના.મંડળ ના ચેરપર્સન સોનલ નાણાવટીએ તેમની મુલાકાત લઈ પુષ્પગુચ્છ અર્પણ કરેલ.

◙ **રાજકોટ :** શ્રી ટેલીગ્રાફ પેન્શનર્સ એસો. રાજકોટ દ્વારા ટેલીગ્રાફ ઓફિસના ૮૫ વર્ષ ઉપરની વયના સેવા નિવૃત્ત કર્મચારીઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું, શોભનાબેન માંકડના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં જ્ઞાતિના શ્રી અજીતભાઈ જોષીપુરા, કુન્દનભાઇ મારૂ, નીલકંઠભાઈ છાયા તથા શ્રી નીલમભાઇ બુચને સન્માનિત કરવામાં આવ્યા.

◙ ચિ. મનંશ શોધનભાઈ દેસાઈએ ૧૨ વર્ષથી નીચેના વય જૂથમાં બેડમિંગ્ટન સ્પર્ધામાં ભાગ લઈ ઓપન ડિસ્ટ્રીકટ તૃતીય તથા ઓપન સૌરાષ્ટ્ર કચ્છ સ્પર્ધામાં ઓપન ગેલેકસી ગ્રુપમાં પ્રથમ, તૃતીય ઈનામો મેળવ્યાં.

◙ નાગરી શૈલીની રસોઈનાં અનુભવી બહેનની જરૂર છે સંપર્ક કરો : ૯૪૨૮૪૬૪૫૩૬

પુસ્તકો કરતાં અનુભવો માનવીને અધિક શીખવે છે.

- દિવ્યભાસ્કર આયોજીત વાનગી સ્પર્ધામાં શ્રીમતી દ્યુતિ ધોળકિયાએ 'પાણીપુરીનાં દહીંવડાં'માં પ્રથમ ઈનામ મેળવ્યું.
- આકાશવાણી રાજકોટ વિવિધભારતી દ્વારા પ્રસારિત થતા કાર્યક્રમ 'ડાયરેકટ દિલસે' કાર્યક્રમમાં શ્રીમતી દ્યુતિ ધોળકિયાએ શ્રી અટલ શર્મા સાથે 'સ્ત્રી અત્યાચાર'મુદ્દા ઉપર ચર્ચા કરેલ જેનું પ્રસારણ મહિલા દિન તા. ૭ માર્ચના રોજ થયેલ.
- પૂના ખાતે ટેક મહિન્દ્રામાં સિનિયર ડીબીએ તરીકે ફરજ બજાવતા શ્રી જીગર દિલીપભાઇ પોટા કંપની તરફથી પ્રોજેકટ અર્થે બે માસ જર્મની જઈ આવ્યા.
- કુ. કૈરવી દુર્ગેશ વૈશ્નવ બી.એસસી.(આઇટી) પ્રથમ સેમે.માં ૭૪% સાથે ઉત્તીર્ણ.
- પ્રતીત દુર્ગેશ વૈશ્નવ એકસીસ બેંકમાં જામજોધપુર ખાતે આસી. મેનેજર તરીકે જોડાયા.
- રણજી ટ્રોફી ખેલાડી અર્પિત વ્યોમેશકુમાર વસાવડા તેમના ક્રિકેટના ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા સ્પોર્ટસ કવોટામાં પસંદગી પામી એ. જી. ઓફીસમાં જોડાયા.
- ૫૦ વર્ષથી જ્ઞાતિના લગ્ન પ્રસંગે ગવાતાં ખૂબજ લોકપ્રિય લગ્નગીત 'આજે મંગલદિન ઉજવાય'ના રચયિતા ની જાણ આજે ઘણા ઓછા જ્ઞાતિજનોને હશે...આ મધૂરાં ગીતના રચનાકાર છે...મુ. રેણુકાબેન નવીનભાઈ ધોળકિયા-સ્વ. ભગવતીપ્રસાદ માંકડના પુત્રી-રાજવૈદ્ય મુ. મલભાઈ ધોળકિયાનાં પુત્રવધૂ.જે કુટુંબમાં આજ પર્યંત સંગીતનો અમૂલ્ય વારસો સચવાયેલો છે.
- આકાશવાણીના રાજકોટ કેન્દ્ર ઉપરથી તા. ૫-૫-૧૧ના રોજ શ્રીમતી રક્ષા પોટાનું સુગમ સંગીત રજૂ થશે. તેઓએ આરાધના વૃંદની મીટીંગમાં સ્વહસ્તે લખેલાં વસંત કાવ્યો સભ્ય બહેનોને ભેટ આપ્યાં.
- સાજન સોશ્યલ કલબ દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં દીર્ઘકાલીન સહયોગ આપવા બદલ ભદ્રાયુ ધોળકિયા તથા રક્ષાબેન પોટાનું હેમુ ગઢવી હોલ ખાતે વિશેષ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું. દરેકના પ્રિય એવા ભદ્રાયુ ધોળકિયાના નામની ઘોષણા થતાંજ પ્રેક્ષકગણ ભાવવિભોર બની ગયેલ.
- કુ. માર્ગી મનોજભાઈ દેસાઈ પોસ્ટ ખાતાની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગોંડલ ડીવીઝનમાં તૃતીય નંબરે પસંદગી પામી પોસ્ટલ આસીસ્ટન્ટ તરીકે જોડાયાં.
- શ્રી ભરતભાઈ હરસુખરાય વૈશ્નવ બી.એસ.એન.એલ.માં ૩૫ વર્ષ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત્ત થયા.
- **વડોદરા :** થર્મોફીશર સાયન્ટીફીક પ્રા. લી. કંપનીમાં રીજીયોનલ સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતા અત્રેના શ્રી શ્રેયસ ત્રિવેદી એશીયા સેલ્સ કોન્ફરન્સમાં ભાગ લેવા કંપની તરફથી ૧૦ દિવસ હોંગકોંગ ચાયના જઈ આવ્યા. જ્યાં તેઓને ભારતમાં 'બેસ્ટ ટેરેટોરી સેલ્સ ગ્રોથ'બદલ ઈન્ડીયા લીડરશીપ એવોર્ડ એનાયત કરી બહુમાન કરવામાં આવેલ.
- વાંચે ગુજરાત અભિયાન હેઠળ અત્રેની ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળીના ઉપક્રમે યોજાયેલ વકૃત્વ સ્પર્ધામાં ડો. રાજેન્દ્ર કે. હાથીએ 'મારી વ્હાલી માતૃભાષા' વિષય ઉપર વકતવ્ય આપી તૃતીય સ્થાન મેળવ્યું.
- હાસ્ય કલાકાર ડો. રાજેન્દ્ર કે. હાથીનો ભરૂચના ઘરડા ઘર ખાતે હાસ્યનો વિશેષ કાર્યક્રમ યોજાય ગયો.આ ઉપરાંત અત્રેની જાણીતી સંસ્થા કવિ પ્રેમાનંદ સાહિત્ય સભાના ઉપક્રમે પાંચ હાસ્ય કલાકારો દ્વારા 'હાસ્ય હનીમૂન - લાફીંગ ટ્રેન'હાસ્ય કાર્યક્રમનું આયોજન કરાયેલ જેમાં બે નાગર કલાકારો ડો. રાજેન્દ્ર કે. હાથી તથા શ્રી વિકાસ મહેતાએ હાસ્યરસ પીરસ્યો હતો.

ઘણીવાર શબ્દ કરતાં મૌનનું મૂલ્ય મોંઘેરૂં હોય છે.

◙ તાજેતરમાં જ દૂરદર્શનની ગિરનાર ચેનલ ઉપરથી પ્રસ્તુત થતા હાસ્ય કાર્યક્રમ 'ગમ્મત ગુલાલ'માં ડો. રાજેન્દ્ર કે. હાથીએ સ્વાસ્થ્ય અને ઉપચારને વણી લઈ મૌલિક ટૂચકાઓ,અટકોના અટકચાળા સાથે રમૂજી વાતો રજૂ કર્યા. (તેઓ આયુર્વેદ તબીબ છે દર્દીઓ દવાની પડીકી સાથે ટૂચકાઓના પડીકાઓથી તુરત સાજા સારા થતા હશે તેવા સાંભળવા,માણવા જેવા કલાકાર ખરા.નાગર પાસેથી નવું જાણવા પણ મળે ! સૌને સારાંનો લાભ લેવા-આપવા 'ગમતાને કરીએ ગુલાલ' માટે અમારો અભિપ્રાય)

◙ શ્રીમતી લેખા રાજેન્દ્ર હાથીનો આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ઉપરથી સવારે વાગ્યે 'પ્રકૃતિ' કાર્યક્રમ અંતર્ગત વાત પિત્ત કફ અને શતાવરી મહિમા વિષય પરનો લઘુ વાર્તાલાપ પ્રસારિત થશે.

◙ અ. સૌ. યેષા આલાપ મંકોડી તથા અ. સૌ. હીર રાવલે ટીવી-૯ના ફાઇવસ્ટાર તડકા કાર્યક્રમમાં ભાગ લઈ ખજુર પુડીંગ તથા માલપુડા તથા કોબીચના રોલ તથા ખરો કંસાર વાનગીનું નિદર્શન આપ્યું.

◙ **જૂઈ જયમાંગ બુચ શાસ્ત્રીય ગાયનની ત્રીજા વર્ષની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયાં.**

◙ **ધ્યેય પ્રણવ બક્ષી શાસ્ત્રીય ગાયન ત્રીજા વર્ષની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયા.**

◙ **વંદિત ઘર્માંગ બુચ ત્રીજા વર્ષની સંગીત પરીક્ષા(તબલા)માં પ્રથમ વર્ગ માં ઉતીર્ણ.**

◙ **જૂનાગઢ :** શિવાની પી. બુચ બી.એડના પ્રથમ સેમેસ્ટરમાં ૮૫% માર્ક સાથે સ્પે. અંગ્રેજી વિષયમાં ઉત્તીર્ણ થયાં.આગામી સત્રથી માત્ર જ્ઞાતિના જ ધો. ૧૦નાં બાળકો માટે મીનીમમ ફીથી મીનીમમ સ્ટુડન્ટસને ઈંગ્લીશ શિખવનાર છે.

◙ જૂનાગઢના ભૂતનાથ મહાદેવ મંદિરમાં બોર્ડ ઉપર છેલ્લાં ૯ વર્ષથી સુવિચાર,કહેવતો,અંગ્રેજી શબ્દો, નોકરી,પબ્લીક નોટીસ લખી શોખને પોસતા સેવાવૃત્તિ ધરાવતા પરેશ બુચ દ્વારા 'બ્લડ ડોનેશન'માટે પણ અપીલ કરાતી રહે છે. જેમાં ૪૦ દાતા બંધુઓ નોંધાયેલ છે. જ્ઞાતિજનોને ૯૮૨૪૮૩૦૯૬૩ પર નોંધાવવા અને જરૂર પડયે આ નંબર ઉપર સંપર્ક કરવા અનુરોધ કરેલ છે.

◙ **અત્રેના ભવન તપનભાઈ જીકાર (ધો. ૪)એ જાન્યુઆરી માસમાં ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ-ગાંધીનગર તરફથી રાજકોટ ખાતે સૌરાષ્ટ્રની ઝોન કક્ષાની યોજાયેલ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં વકતૃત્વ વિભાગમાં 'મને મન ભરીને માણી લેવા દ્યો બાળપણ' વિષય પર વકતવ્ય આપી પ્રથમ સ્થાન મેળવી જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું.**

◙ **ગાંધીનગર :** શ્રીમતી રક્ષાબેન કિરીટભાઈ હાથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી ઉપસચિવ તરીકે વયનિવૃત્ત થયાં.

◙ અત્રેના શ્રી અંશુમાન (અપૂર્વ) અરૂણરાય બુચને અંડર સેક્રેટરી કલાસ-૧ તરીકે સચિવાલયમાં બઢતી મળી.

◙ **ગાંધીધામ :** અત્રે એલ.આઇ.સી.માં કાર્યરત શ્રીમતી શકુંતલાબેન કે. બુચને ગૃહમંત્રાલય દિલ્હી દ્વારા આયોજીત હિન્દી સ્પર્ધામાં વર્ષ ૨૦૦૯-૧૦માં રાજકોટ ડીવીઝનની ૨૦ બ્રાન્ચમાંથી પ્રથમ વિજેતા જાહેર કરાયાં.

◙ **ભરૂચ :** કુ. ઉર્વા ચિદામ્બર મહેતા બી.ફાર્મના પ્રથમ, દ્વિતીય અને તૃતીય સમેસ્ટરમાં વિદ્યાનગર કોલેજમાં પ્રથમ સ્થાન મેળવતાં ટ્રોફી તથા પ્રમાણપત્ર સાથે સન્માનિત કરાયાં.

◙ **પોરબંદર :** શ્રી નૈષધ આર. વૈશ્નવ તથા શ્રીમતી હીના વૈશ્નવનાં પુત્રી કુ. કવિતા વૈશ્નવ એમબીએ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં. (આ અંકના સંકલીત સુવાકયો : મધુકરભાઈ માંકડ-જામનગર

અસત્યને ટેકો જોઈએ, કારણ કે એ સૂરદાસ છે ત્યારે સત્ય તો સંજય છે.

## નૂપુરના સથવારે નૂપુર...



મુળ જૂનાગઢના હાલ શારદાગ્રામ સ્થિત કુ. નૂપુર (બીનાબેન અને પ્રદિપભાઈ અવાશિયાનાં પુત્રી) એ ગત વર્ષે રાજકોટ ખાતે ઉજવાઇ ગયેલ વાઈબ્રન્ટ ગુજરાતમાં આમંત્રિત કલાકાર તરીકે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં નૃત્ય રજૂ કરવાની તક સાંપડી. ત્યારબાદ ગુજરાત સરકાર દ્વારા જ ભુજ ખાતે ઉજવાયેલ 'રણોત્સવ'માં પણ તેણીને જુદા જુદા નૃત્ય પ્રયોગો કરવાની પણ તક સાંપડી હતી. કુ. નૂપુર એમ.એસસી. આઇ.ટી.ના અભ્યાસ સાથે 'કલાનિધી ગ્રુપ'ના કલાગુરૂ અમીબેન ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ કથ્થક નૃત્યકલાની તાલિમ મેળવી પ્રગતિના સોપાન સર કરી રહેલ છે.

અભિનંદન સહ શુભકામના.

## આદર્શ ગુરૂશ્રી ચંન્દ્રકાન્તભાઈ દેસાઈને સન્માનિત કરાયા



સુરેન્દ્રનગર સ્થિત નિવૃત્ત જીલ્લા શિક્ષણાધિકારી અને શ્રી હરઘોળ હાઈસ્કૂલ ધોળ ખાતે આદર્શ શિક્ષક તરીકે ફરજ બજાવી ચૂકેલ શ્રી ચંન્દ્રકાન્તભાઈ દેસાઈને તેઓના ૯૦મા જન્મદિવસ પ્રસંગે તા. ૧૯-૧૨-૧૧ ના રોજ શાળાના ભૂતપુર્વ વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માનિત કરી ગુરૂશિષ્યની પરંપરા જાળવી ઋણ અદા કર્યું.મુ. ચંન્દ્રકાન્તભાઈ એ બહોળા સમુદાયમાં એકત્ર થયેલ વિદ્યાર્થીઓને સાચા શિક્ષણનો ખ્યાલ આપી આશિર્વચન પાઠવ્યાં હતાં.

## સુપર સ્પેશ્યાલીટી -ડીએનબી અભ્યાસમાં પ્રવેશ મેળવતા ડો. ધૈવત વૈશ્નવ



રાજકોટ ખાતે પી.ડી.યુ. મેડીકલ કોલેજમાં સર્જીકલ શાખામાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હતા તે જૂનાગઢના મધુરીકાબેન અને કલાપીરાય વૈશ્નવના પુત્ર ડો. ધૈવત વૈશ્નવે ફેબ્રુઆરી- ૧૧માં રાષ્ટ્રીય કક્ષાની સુપર સ્પેશ્યાલીટી કોર્ષ (મેડીકલ) પ્રવેશ પરીક્ષામાં છઠા ક્રમે સફળતા મેળવી કોચી (કેરાલા)ની લેકશોર હોસ્પિટલમાં 'ગેસ્ટ્રોએન્ટરોલોજી'વિષયના વિશેષજ્ઞ અભ્યાસમાં પ્રવેશ મેળવ્યો.

## નિસર્ગ છાયા - યુવા વયે ઉચ્ચ પદે



રાજકોટના શ્રી નીલકંઠરાય એ. છાયાના પૌત્ર તે શ્રીમતી સીમા તથા શ્રી મુકેશ છાયાના પુત્ર નિસર્ગ છાયાએ એમએનસી 3M India Ltd. કંપનીમાં ચેન્નાઈ ઓફીસ ખાતે તામીલનાડુ રાજ્યના ઈન્ચાર્જ સિનિયર એકઝીક્યુટીવ એન્જીનીયર તરીકે નિમણુંક મેળવી. નિસર્ગએ વલ્લભવિદ્યાનગર ખાતેથી ગત વર્ષે માસ્ટર ઇન હાઈજીન એન્ડ સેફટીનો અભ્યાસ ઉચ્ચ ગુણાંક સાથે પૂર્ણ કર્યા બાદ કેમ્પસ માંથીજ પસંદગી પામીને મેલન મેટ્રીકસ લેબ. લી.માં જોડાયા હતા અને માત્ર ૨૪ વર્ષની યુવાન વયે બઢતી સાથે આ ઉચ્ચ હોદા ઉપર બીજી કંપનીમાં જોડાઇને કુટુંબને ગૌરવ બક્ષેલ છે. તાજેતરમાંજ તેમણે યુ.એસ.એ. સ્થિત સિનસિનાટી યુનિવર્સિટી દ્વારા 'હેઝાર્ડસ વેસ્ટ મેનેજમેન્ટ'ની ઓનલાઈન પરીક્ષામાં સફળતા મેળવી ડીપ્લોમા મેળવ્યો.

પતિ બનીને સ્ત્રીનો કેવળ હાથ જ મેળવી શકો, એનું હૈયું મેળવવા માટે તો તમારે પ્રેમી જ બનવું પડે.

## કુ. ઋતુ એમ.બી.બી.એસ. થયાં



સુરત સ્થિત શ્રીમતી આરાધના અને શ્રી સંજય બુચનાં પુત્રી કુ. ઋતુ બુચે સુરત ખાતેની યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ડોક્ટરની પદવી મેળવી. કુ. ઋતુ સ્વ. હર્ષદરાય ચંદુલાલ બુચ અને સ્વ. તરલીકાબેન હર્ષદરાય બુચનાં પૌત્રી અને સ્વ. મહેશભાઈ ભોગીભાઈ માનકર અને સ્વ. ઈન્દીરાબેન મહેશભાઈ માનકરનાં દોહિત્રી થાય.

## કુ. મેઘા દેસાઈના આરંગેત્રમ્‌ની પ્રસ્તુતિ



સ્વ. જનાર્દનભાઈ કાંતીલાલ દેસાઈ અને સ્વ. જનકસુતાબેન જ. દેસાઈનાં પૌત્રી અને સ્વ. તરૂણભાઈ મુકુંદરાય જીકાર અને ગં. સ્વ. સુકન્યાબેન ત. જીકારનાં દોહિત્રી તે તુષાર જે. દેસાઈ અને શ્રીમતી સોનાલી દેસાઈનાં પુત્રી ચિ. મેઘાએ વડોદરા ખાતે તા. ૫/૩/૧૧ના રોજ અંબે વિદ્યાલયના સંસ્કૃતિ ઓડિટોરીયમ ખાતે માત્ર ૧૪ વર્ષની વયે ભારતનાટયમ્‌ના આરંગેત્રમ્‌ રજૂ કરી પ્રેક્ષકોની દાદ મેળવી હતી. ચિ. મેઘાએ 'નિહારીકા ગ્રુપ'માં ગુરૂ ડો. જયંતી ચાંદોદકરના ગુરૂ પદ હેઠળ ભારતનાટયમ્‌ના સાત વર્ષનો અભ્યાસ કરી તાલિમ મેળવી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકેની જવાબદારી શ્રીમતી રશ્મીબેન અખિલેશ નાણાવટીએ નિભાવી હતી.

## ચિ. ભાષાની અનેરી સિદ્ધિ

વડોદરા સ્થિત શ્રી અદ્‌ભૂત તથા શ્રીમતી જાન્હવી બુચનાં માનસિક વિકલાંગ પુત્રી ચિ. ભાષાએ શ્રી ચિન્મયાનંદ મીશન વડોદરા દ્વારા આયોજીત ગીતાજીના અધ્યાય પઠનની ઓપન બરોડા સ્કૂલ કોમ્પીટીશનમાં વિકલાંગ બાળકોની અર્પણ સ્કૂલ વતી ભાગ લીધો હતો. માનસિક રીતે સ્વસ્થ બાળ કોની વચ્ચે ભાષાએ પ્રીલી.-સેમીફાઈનલ અને ફાઈનલમાં સુંદર અને પ્રસંશનીય રીતે પઠન કર્યું. ફાઈનલમાં ૧૦મા અધ્યાયના ૪૨ શ્લોકનું પઠન કરી સમગ્ર સ્પર્ધકોમાં વિશેષ પ્રથમ ઈનામ રૂપે શીલ્ડ અને પુસ્તકો તથા પ્રસંશાપત્ર પ્રાપ્ત કર્યાં.

ચિ. ભાષા (કે તેનાં જેવાં બાળકો)ને વિકલાંગતા સાથે વિશેષ ઈશ્વરી બક્ષીસ પણ મળેલ હોય જ છે. તેને પ્રેમ સાથે દિશા આપવાની હોય છે ભાષાની મહેનત અને તેના પરિજનોએ જહેમતથી યોગ્ય દિશા મળી છે.જે માટે ભાષા અને પરિજનો ધન્યવાદને પાત્ર છે.

## પાવર એન્જીનીયર શ્રી મૃગેન મહેતા



સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવર ન્યુ દિલ્હી સાથે સંકલીત સોસાયટી ઓફ પાવર એન્જીનીયર્સ વડોદરા ચેપ્ટર દ્વારા ઈન્સ્ટીટયુશન ઓફ એન્જીનીયર્સ હોલ ખાતે શ્રી મૃગેન મહેતાએ સંસ્થાને પ્રદાન કરેલ અમૂલ્ય સેવા અને વિકાસ પ્રવૃત્તિઓમાં અનન્ય યોગદાન બદલ શાલ ઓઢાડી જાહેર સન્માન કરવામાં આવ્યું. તેઓ સંસ્થાના સક્રીય સ્થાપક સભ્ય અને સલાહકાર સમિતિ અને ન્યુઝબુલેટીનના તંત્રી મંડળનું સક્રીય સભ્યપદ ધરાવે છે. આ ઉપરાંત તેઓ અનેક સામાજીક, સાંસ્કૃતિક તથા ઈજનેરી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. અભિનંદન.

જે આપણને ગળે ન ઉતરે ને માનવાનું મન થાય તે અસત્ય બાકી બધું સત્ય.

## પૂર્વ સ્પીકર જ્ઞાતિ વડીલ કુન્દનલાલ ધોળકિયાની વિદાય

ગુજરાત રાજ્યના પૂર્વ અધ્યક્ષ,ગાંધીવાદી વિચારસરણીને આજીવન અનુસરનાર સ્વાતંત્ર સેનાની અને નખશીખ પ્રામાણિક રાજપુરૂષ શ્રી કુન્દનભાઈ ધોળકિયાનું તાજેતરમાં ૯૦ વર્ષની વયે ભુજ ખાતે દેહાવસાન થયું.

મુ. કુન્દનભાઈ ૧૯૫૩થી જાહેરજીવન સક્રીય થયા હતા. ૧૯૫૩થી ૧૯૫૪ સુધી ભુજ નગર પાલિકાના નગરપતિ રહયા. કચ્છના વિકાસમાં પોતાનાં યોગદાનનો પ્રારંભ કર્યો. તેઓ બાર એસોશીએશનના પ્રમુખપદે રહયા હતા તેમજ અનેક સંસ્થાઓ સાથે પણ રહેલ હતા. ૧૯૭૫ થી ૧૯૮૦ સુધી તેઓએ ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષ પદ શોભાવી બંધારણીય ન્યાયીક નિર્ણયો આપી આ પદને દીપાવેલ.

ગાંધીજીના જ સિધ્ધાંતોને વરેલા અને માત્ર સમાજસેવાના ઉદ્દેશથી જ રાજકારણમાં ઝંપલાવનાર કુન્દનભાઈએ ગુજરાત સરકારનો સૂવર્ણચંદ્રક, કનૈયાલાલ એવોર્ડ તથા ૨૦૦૬માં રાષ્ટ્રપતિના હસ્તે થનાર બહુમાનથી અળગા રહયા હતા, એટલું જ નહીં તેઓ સ્પીકર પદે આરૂઢ થયા હતા ત્યારે તેમને મળેલ બંગલામાં એરકન્ડીશનનો ઉપયોગ નહોતો કર્યો. માત્ર ૨૫૦ના પગારમાં કરકસરથી ઘર ચલાવનાર આ સજ્જને સ્વતંત્રતા સેનાની તેમજ ધારાસભ્યને મળતા પેન્શન તેમજ મફત પ્લોટના લાભો ન સ્વીકારી પોતાની નિસ્વાર્થ ભાવના અને નિસ્પૃહીતાની સમાજને પ્રતિતી કરાવી હતી.જે ખુરશી,માન-મરતબો, ઝર -જમીન મેળવવા ભ્રષ્ટતાની સીમા વટાવી રહેલ રાજકારણીઓ માટે મુ. કુન્દનભાઈની ઉચ્ચ ભાવના -વિચરસરણી,નૈતિકતા અને પ્રમાણિકતા દ્રષ્ટાંતરૂપ હતાં તેમ કહેવામાં અતિશયોકિત નહીં ગણાય !

ગાંધીજીના જ નકશેકદમ પર ચાલનાર, મૂલ્યનિષ્ઠ મહાનુભાવો જ્ઞાતિભાવનામાંથી જ્ઞાતિવાદને પ્રોત્સાહન ન મળે તે ઉદેશથી જ્ઞાતિથી અલિપ્ત રહેતા હશે... જો કે કુન્દનભાઈના નિધનથી મૂલ્યનિષ્ઠ સેવક અને પ્રતિભાવંત ચાણકય સલાહકારની દેશ અને સમાજને તો ન પૂરી શકાય તેવી ખોટ પડી જ છે. જ્ઞાતિ વતી શ્રધ્ધાસુમન અર્પીએ.

## રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં ચિ. કાવ્યા બુચ પ્રથમ સ્થાને



ચાઈલ્ડ આર્ટ કલબ હૈદ્રાબાદ દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં ભાવનગર ખાતે ક્રાઈસ્ટ સ્કૂલમાં ધો. ૩માં અભ્યાસ કરતી બાળ ચિત્રકાર ચિ. કાવ્યા મિતેષભાઈ બુચે પ્રથમ સ્થાન સ્થાન સાથે સ્ટેટ એવોર્ડ મેળવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. અભિનંદન.

## અનંતના યાત્રીઓ :

-શ્રી વિષ્ણુભાઇ હિંમતલાલ માંકડનું ૭૪ વર્ષની વયે મુંબઈ ખાતે અવસાન. - શ્રી મનરંજનભાઈ અનંતરાય દેસાઈનું ૯૦ વર્ષની વયે ભાવનગર ખાતે અવસાન.- શ્રી અશ્વિનભાઈ મોતીભાઈ મહેતાનું ૮૩ વર્ષની વયે ભાવનગર ખાતે અવસાન.- શ્રી કંદર્પભાઈ પ્રદ્યુમ્નરાય દેસાઈનું ૫૯ વર્ષની વયે ભાવનગર ખાતે. - દેવ્યાનીબેન જયપ્રકાશભાઈ વસાવડાનું ૫૫ વર્ષની વયે રાજકોટ ખાતે - શ્રીમતી દુલારીબેન યજ્ઞેશકુમાર દેસાઈનું વડોદરા ખાતે. - શ્રી હર્ષદરાય નાણાવટીનું પોરબંદર ખાતેઅવસાન. - સૌ. રંજનબાળા અશ્વિનીકુમાર બક્ષીનું મુંબઈ ખાતે અવસાન. - શ્રી અનોપપરામ કેવળરામ ઓઝાનું ૯૬ વર્ષની વયે રાજકોટ ખાતે.

મનુષ્યને કેટલીકવાર પોતાના પરાજય કરતાં પારકાનો વિજય વધુ ખૂંચે છે.

## વિશ્વકપ-૨૦૧૧ના કોમેન્ટ્રેટર છે...નીલેશ માંકડ

આકાશવાણી રાજકોટ ઉપરથી પ્રસારીત થતા 'ગામનો ચોરો' કાર્યક્રમમાં એક સમયે છગનબાપાના હૂલામણા નામથી જ જાણીતા સ્વ. શ્રી જયંતભાઈ માંકડના પુત્ર શ્રી નીલેશ માંકડે આકાશ-વાણી સાથે પિતાનો વાસરો જાળવી રાખ્યો છે. હાલમાં તેઓ આકાશવાણી રાજકોટમાં કાર્યરત તો છે જ ઉપરાંત તાજેતરમાં રમાઈ ગયેલ વિશ્વકપ-૨૦૧૧ દરમ્યાન ઈએસપીન - ટાટા સ્કાય દ્વારા પ્રસારીત થતી ગુજરાતી કોમેન્ટ્રી માટે નીલેશ માંકડને પસંદ કરવામાં આવેલ. તેઓએ ભારતની તમામ લીગથી ફાઈનલ મેચની રનીંગ કોમેન્ટ્રી માતૃભાષા ગુજરાતીમાં આપી ગુજરાતી ભાષા અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.તેમની સાથે અન્ય કોમેન્ટ્રેટરોમાં નયન મોંગીયા, અતુલ બેદાડે, હર્ષદ જોશી તથા સુધીર તલાટી હતા.આ અગાઉ ૨૦૦૯માં વેસ્ટઈન્ડીઝ ખાતે રમાયેલ વિશ્વકપમાં પણ તેઓ ટાટા સ્કાય તરફથી કોમેન્ટ્રેટર તરીકે પસંદગી પામ્યા હતા. ક્રિકેટના જ્ઞાતા નીલેશ માંકડ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશીએશનના માન્ય અમ્પાયર પણ છે.

ભાષા અને શબ્દો ઉપર નાગરોનો ઈજારો આજે પણ છે જ...તેમાંના એક નીલેશ માંકડને અભિનંદન સહ આકાશ-વાણીમાં આગળ વધતા રહો તેવી શુભેચ્છા.

## -:-:-:-:- સગપણ સગાઈ -:-:-:-:-

(૧) અમદાવાદ સ્થિત પ્રવિણચંદ્ર વસાવડાનાં પુત્રી ધરાનું સગપણ અમદાવાદના મૃગેન્દ્ર રજનીકાન્ત બક્ષીના પુત્ર અંકિત સાથે.

(૨) જામનગર સ્થિત ધરા યોગેશભાઈ પોટાનું સગપણ રાજકોટના સુરેન્દ્રનગર નિવાસી નિહાર મહેશચંદ્ર બક્ષી સાથે. (૩) જામનગર નિવાસી ડો. કૈલાસભાઈ સનતભાઈ વસાવડાનાં પુત્રી સ્તુતિનું સગપણ ભાવનગરના કેનેડા સ્થિત કમલભાઈ જયેન્દ્રભાઈ ઓઝાના પુત્ર શૈલ સાથે.

(૪) જામનગરના સ્વ. પરિમલભાઈ કૃષ્ણલાલ માંકડના પુત્ર કૃણાલનું સગપણ જૂનાગઢના નિખિલચંદ્ર રજનીકાન્ત મજમુદારનાં પુત્રી દિશા સાથે.

(૫) અમદાવાદ સ્થિત શ્રી હિમાંશુભાઈ હરીહરરાય ધોળકિયાના પુત્ર જલ્પનનું સગપણ રાજકોટ સ્થિત મુકેશભાઈ વિશ્વકાન્તભાઈ માંકડનાં પુત્રી પ્રતિક્ષા સાથે.

(૬) રાજકોટના ઋષિકેશ યોગેન્દ્રભાઈ ઢેબરનાં પુત્રી આરોહીનું સગપણ ભાવનગર નિવાસી યજ્ઞેશભાઈ દિલસુખરાય આચાર્યના પુત્ર જિમીત સાથે.

(૭) રાજકોટના રવિન્દ્રભાઈ રજનીકાન્ત નાણાવટીનાં પુત્રી ખુશ્બુનું સગપણ રાજકોટના પરિમલભાઈ પ્રહલાદરાય મારૂના પુત્ર માલવ સાથે.

(૮) ડો. સલોની નિશેન્દુ વૈદ્યનું સગપણ વડોદરા સ્થિત નમન નયનભાઈ બુચ સાથે.

(૯) વડોદરા સ્થિત બકુભાઈ માર્કંડરાય વૈશ્નવનાં પુત્રી યાત્રાનું સગપણ જૂનાગઢના હિમાંશુ જનકરાય વસાવડાના પુત્ર વિવેક સાથે.

(૧૦) વડોદરા સ્થિત દુષ્યંતભાઈ વિનોદરાય માંકડના પુત્ર મુદિતનું સગપણ ભાવનગર સ્થિત પ્રકાશભાઈ અશ્વનીભાઈ બુચનાં પુત્રી તર્જની સાથે.

**પ્રભુતામાં પગલાં :** ભાવનગર સ્થિત પરીમલભાઈ એન. મહેતાના પુત્ર ધર્માંશુના લગ્ન કેદારભાઈ મહેતાનાં પુત્રી મિતાલી સાથે.

સ્ત્રીનું ચરિત્ર અને મનુષ્યનું ભાગ્ય કોઈપણ સમયે ફરી શકે છે.

## પ્રજ્ઞાચક્ષુ હીનાબેન વ્હોરા સન્માનિત થયાં



ભાવનગરના સ્વ. વસિષ્ઠભાઈ એલ. વ્હોરા (નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી) અને રોહિણીબેનનાં પુત્રી હીનાબેનનું તાજેતરમાં તા. ૨૨/૧/૧૧ના રોજ સુરેન્દ્રનગરની સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહીલા કોલેજ 'સેવાકુંજ' દ્વારા તેમની કાર્યકુશળતા, કાર્ય કરવાની ધગશ તેમજ પ્રજ્ઞાચક્ષુ બાળકો પરત્વેની ઋજૂતાના ગુણોના સ્વાભાવિક ગુણોને લક્ષમાં લઈ સન્માનપત્ર આપી જાહેર સન્માન કરવામાં આવ્યું.

વસિષ્ઠભાઈના ત્રણ સંતાનો પૈકી મોટાં પુત્રી રાજશ્રી તથા નાનાં પુત્રી હીના બન્ને બહેનોને જન્મ સાથે જ અંધત્વ પ્રાપ્ત થયેલ છે. બંને બહેનો પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં તેમને માટે માતા-પિતાએ અભ્યાસની વ્યવસ્થા ઘરમાં જ કરી પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ અપાવ્યું. બંને બહેનોએ એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. હીનાબેને અમદાવાદમાં વસ્ત્રાપુર ખાતે આવેલ અંધશાળામાંથી સ્પે. બી.એડ. ની પદવી પણ મેળવી..જે તેમની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દીનો પૂરાવા સાથે 'સ્ત્રી શકિતની મૂર્તિ અને શકિતનો અવતાર'સાબિત કર્યો. ત્યારબાદ ૧૯૯૩થી તેઓએ કચ્છના માધાપર ખાતે આવેલ 'નવચેતન અંધજન મંડળ'માં શિક્ષિકા તરીકે જોડાયાં અને તેમની બહુમુખી પ્રતિભાને સામાજીક સેવાભાવ જોડીને નેત્રહીન બાળકો માટે Friend Philosopher & Guide બની રહયાં. સેવાપારાયણ અને કાર્યકુશળ એવાં બેન હીનાએ પ્રજ્ઞાચક્ષુ અને શિક્ષક એવા રામજીભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયને આદર્શ ગૃહીણી સાથે તમામ ઘરકામ જાતે કરીને સમાજની પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓ માટે પ્રેરણારૂપ બની પણ રહયાં છે.

ઈશ્વરદત્ત ખોડને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓ માટે પ્રેરક હીનાબેન પોતાના કાર્યક્ષેત્રમાં વિસ્તરતાં વિકસતાં રહે, સાંસારીક જીવન હરીયાળું બની રહે તેવી શુભકામના સાથે અભિનંદન પાઠવીએ.

---

## 'બરછી'-લગ્ન વિષયક જાહેરાતનું ફોર્મ

'બરછી'ના ગ્રાહક નંબર________________ ફોન/મો. :________________

જાહેરાત આપનારનું નામ :________________________________

સરનામું:________________________________

________________________________

________________________________

યુવક / યુવતીનું નામ :________________________________

અભ્યાસ :________________________ વજન :__________

મંગળ છે / નથી ગોત્ર :__________ ઉંમર :________ જ.તા.__________ ઊંચાઈ :__________

નોકરી/વ્યવસાય :________________________________

મોસાળ પક્ષ :________________________________

અન્ય માહિતી :________________________________

પવિત્ર લક્ષ્મી ઘરમાં આવે ત્યારે જ દાન પૂણ્યના વિચારો આવે છે.

# ——— : લગ્નવિષયક જાહેરાત : ———

(નીચેના પાત્રોના ફોન નંબર મેળવવા (રવિવાર સિવાય) સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરશો.આપના સંતાનો માટે લગ્નવિષયક જાહેરાત આપવા ઈચ્છુકો આ સાથે આપેલ ફોર્મ ભરીને કાર્યાલયે મોકલી આપશો. 'બરછી'ના ગ્રાહકો માટે આ વિનામૂલ્ય સેવા છે.અગાઉ જાહેરાત આપેલ હોય અને સગાઈ થઈ જાય તો જે ક્રમનંબર ઉપર જાહેરાત છપાયેલ હોય તે રદ કરવા જાણ કરવા વિ. છે.

(૧) બી.કોમ., એમ.સી.એસ.એ કોમ્પ્યુટર, જ. ૧/૧૯૮૬, નેટવર્ક એડમિસ્ટ્રેટર તરીકે નોકરી કરતા ઔક્ષણસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૨) બી.એસસી.(હો.સા.)ડીએમએલટી., જ. ૧૨/૮૧, ઉંચાઈ ૫'.૩" કેન્સર હોસ્પિટલમાં નોકરી કરતી માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧ -

(૩) બી.કોમ. જ. ૫/૭૧ ભુજ ખાતે ઈંગ્લીશ ટયુટર (સ્કોપ) ટયુશન કલાસીસ ચલાવતા યુવક. સંપર્ક : ૦૨૮૧૨-

(૪) બી.કોમ. જ. ૪/૭૫ ભુજ ખાતે કોમ્પ્યુટર ટીચર યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧૨-૨૩૧૫૧૯ મો.

(૫) ધો. ૧૦ પાસ, જ. ૧૧/૮૫, ઉંચાઈ ૪'.૫" કાપિસ્થલ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૧- મો.

(૬) એફ.વાય.બી.કોમ., જ. ૯/૧૯૮૩, ૫'.૫" ઉંચાઈના ખાનગી પેઢીમાં નોકરી કરતા ઔક્ષણસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧- મો.

(૭) બી.એ., જ. ૮/૧૯૮૧, ઉંચાઈ ૫'.૬" મુંબઈ સ્થિત કન્યાને યુવક. સંપર્ક ૦૨૨-

(૮) બી.કોમ., પીજી બેંન્કીગ, ડીપ. સેટેલાઈટ કોર્પોરેટ ફાઇ., જ. ૧૨/૧૯૮૫, ઉંચાઈ ૫'.૫"/૫૯, લી. કંપનીમાં એકાઉન્ટ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતી કાપિષ્ટ ગોત્રની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૯) બી.કોમ., પીજીડીસીએ, જ. ૧૧/૧૯૮૨, ૫'.૪" ઉંચાઈના આઇસીઆઇસીઆઇ બેંકમાં નોકરી કરતા કાસ્યપસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૦) બી.ઇ.(આઇટી),એમ.એસ. કોમ્પ્યુટર, જ. ૪/૧૯૮૧,૫'.૧૦" ઉંચાઈ/૭૦,સાન ફ્રાન્સીસ્કો યુએસએ. ખાતે સીનિયર એનાલીસ્ટ તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-

(૧૧) ડીપ્લોમા કોમ્પ્યુટર અને નેટવર્કીંગ એન્જીનીયર, જ. ૩/૧૯૮૬, ઉંચાઈ ૫',સોફ્ટવેર કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૧૨) બી.બી.એ., ડીબીએમ., જ. ૭/૧૯૮૫, ઉંચાઈ ૫'.૭" એસબીઆઈમાં નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૩) બી.કોમ., ૧૦/૧૯૮૪ ઉંચાઇ ૫'.૪"/૫૦ જૂનાગઢ ખાતે પ્રા. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૬૧-

(૧૪) એમ.કોમ., એમ.બી.એ., જ. ૨/૧૯૮૩ ઉચાઈ ૫'.૪" બેંકમાં નોકરી કરતા કાશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : મો.

સારામાં સારી પ્રાર્થના ઈશ્વર પાસે સદ્‌બુદ્ધિ માંગવાની જ છે.